ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# તાપમાનનો પારો ૪ ડિગ્રી ગગડતા ગાંધીનગર ઠંડુગાર

## શહેરમાં ફરી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ : ઠંડીનો પારો ૯ ડીગ્રીએ આવી ગયો : જો કે મહત્તમ તાપમાન પણ ૨૯ થી ૩૦ ડીગ્રી વચ્ચે રહેતા દિવસે ગરમીનો અહેસાસ

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનુ જોર ઘટી ગયુ હતુ જેના લીધે નગરજનો પણ આકરી ઠંડી બાદ કોલ્ડવેવમાં રાહત અનુભવી રહ્યા હતા જો કે બે દિવસથી ધીમે ધીમે ઠંડી વધતા આજે ઠંડીનો પારો ૪ ડીગ્રી નીચે ગગડયો હતો જેના લીધે નગરજનોએ આકરી ઠંડીનો અહેસાસ કર્યો હતો જો કે ઠંડીના જોર વચ્ચે મહત્તમ તાપમાન પણ ૨૯ થી ૩૦ ડીગ્રી આસપાસ રહેતા નગરજનો દિવસે હળવી ગરમી અનુભવી રહ્યા છે.

ગાંધીનગરમાં વળતા શિયાળે ઠંડીની મોસમમાં રોજબરોજ બદલાવ જોવા મળે છે. ઠંડીનો પારો ચઢઉતર થતો રહે છે. એકબાજુ મહત્તમ તાપમાન પણ હવે ૨૫ ડીગ્રી થી વધીને ૨૯ થી ૩૦ ડીગ્રી પહોંચી ગયુ છે. જયારે લઘુત્તમ તાપમાન પણ છેલ્લા કેટલાક ૧૦ ડીગ્રી ઉપર જોવા મળ્યુ હતુ જેમાં નજીવો ફેરફાર થતો રહેતો હતો પરંતુ આજે અચાનક જ ઠંડીનો પારો ગગડયો છે. જેના લીધે લઘુત્તમ તાપમાન ૪ ડીગ્રી ગગડતા ઠંડી સિંગ્લ ડીઝીટમાં આવી ગઈ છે. આજે લઘુત્તમ તાપમાન ૯.૨ ડીગ્રીએ આવી ગયુ હતુ જેના લીધે વહેલી સવારે અને ઢળતી સાંજ બાદ નગરજનોએ આકરી ઠંડીનો અહેસાસ કર્યો હતો. જો કે દિવસનુ તાપમાન ૩૦ ડીગ્રી નજીક પહોંચી જતા દિવસે નગરજનો ગરમીનો અનુભવ કરી રહ્યા છે. ગાંધીનગરમાં ઠંડીની મોસમ આ વર્ષે આકરી પુરવાર થઈ છે. ઠંડીની મોસમનો મિજાજ સતત બદલાતો રહે છે. જયારે કયારેક ઠંડી તો કયારેક હળવી ગરમી સાથે વચ્ચે વાતાવરણ પલ્ટાની અસરથી નગરજનોએ ચોમાસા જેવો ભીંજારો પણ અનુભવ્યો હતો. જયારે વાદળિયા વાતાવરણના અંતે પણ ઠંડીનુ જોર કાબુમાં હતુ પરંતુ છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. બે દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રીએ રહ્યુ હતુ જયારે ગઈકાલે ઠંડી ૨ ડીગ્રી ઘટી હતી જયારે અચાનક જ ઠંડીનો પારો ૪ ડીગ્રી ગગડતા નગરજનો સવારથી આકરી ઠંડીમાં ઠુંઠવાયા હતા ઘણાં દિવસો બાદ લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રી નીચે ઉતર્યુ હતુ. બીજીતરફ હવે દિવસનુ તાપમાન પણ ઉંચકાઈ રહ્યુ છે. મહત્તમ તાપમાન પણ ૨૯ થી ૩૦ ડીગ્રી વચ્ચે આવી ગયુ છે. જયારે છેલ્લા કેટલાક દિવસોમાં ગરમીનો પારો પણ ચાર થી પાંચ ડીગ્રી ઉપર આવ્યો છે. જેના લીધે દિવસે પંખો ઓન રાખવો પડે તેવી ગરમી અનુભવાય છે. આજે પણ મહત્તમ તાપમાન ૨૯ ડીગ્રી રહ્યુ હતુ. ઠંડીનો મિજાજ ઉગ્ર બન્યો છે. જેના લીધે નગરજનો ઠંડીથી બચવા માટે ફરી એકવાર સજ્જ બન્યા છે. રાત્રિના સમયે ઠંડીની અસર જનજીવન પર વર્તાઈ રહી છે. જયારે સતત બદલાવાના લીધે ઠંડીની મોસમ નગરજનોના ઓરોગ્યને પણ પ્રભાવિત કરી રહી છે. હવામાન તજજ્ઞોના મતે આગામી દિવસોમાં હવે ધીમે ધીમે ગરમીનુ જોર વધશે જયારે ઠંડીનો મિજાજ હળવો બની જશે જો કે હાલ પણ મોસમના બદલાવની ઘણીખરી અસર વર્તાઈ રહી છે.



ફળો શરીરને જરૂરી વિટામીન્સ અને મીનરલ્સ પુરા પાડે છે. આપણા માટે જરૂરી હોય તેવા પોષકતત્વો ફળોમાં ભરપૂર માત્રામાં હોય છે અને એટલે જ ઋતુ પ્રમાણેના ફળ ખાવાની સલાહ આપવામાં આવે છે. હજુ તો શિયાળો ચાલી રહ્યો છે અને સૌ કોઈ આકરી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે ત્યારે ઉનાળુ ફળ ગણાતા દ્રાક્ષ, સક્કરટેટી અને તરબૂચનુ બજારોમાં આગમન થઈ ચુક્યુ છે. જો કે હાલમાં આ ફળોનો પૂરવઠો ઓછો હોવાથી ભાવ થોડાક ઉંચા છે. જેમ જેમ પૂરવઠો વધતો જશે તેમ તેમ ભાવ કાબુમાં આવતા જશે.

# સેકટર-૨૪ આદર્શ નગરમાં પાણીની પોકાર : રહીશો તોબા

## નવી લાઇન નાંખવાના ખોદકામ દરમિયાન હયાત લાઇનમાં ભંગાણ થતા સ્થાનિકો પરેશાન : કેટલાક મકાનોના કમ્પાઉન્ડમાં પાણીના ફુવાાર ઉડતા હોવાની ફરિયાદો : સમસ્યાનો ઝડપથી નિકાલ કરવા સેકટરવાસીઓની રજુઆત

ગાંધીનગર તા ૪

શહેરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે જયારે આ દરમિયાન ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ ખોદકામ દરમિયાન પાણી ગટરની હયાત લાઈનમાં પણ ભંગાણ થતુ હોવાના કીસ્સામાં સેકટરના રહીશોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. સે -૨૪ આદર્શ નગરમાં પણ છેલ્લા બે દિવસથી કેટલાક મકાનોમાં પાણી આવતુ નથી પાણીની લાઈનમાં ભંગાણ થતા આ સમસ્યા સર્જાઇ છે. સેકટરના કેટલાક મકાનોમાં કમ્પાઉન્ડમાં પાણીના ફુવારા ઉડતા હોવાની પણ ફરિયાદો સ્થાનિકો કરી રહ્યા છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે હાલ સેકટરોમાં પાણીની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. સેકટરામાં દાયકાઓ પુર્વે પાણીની લાઈનનુ નેટવર્ક ઉભુ કરાયુ હતુ જયારે પાંચ દાયકા બાદ હાલ હવે આ લાઈન સેકટરની વસતી મુજબ પર્યાપ્ત નથી. જયારે હવે તો ૨૪ કલાક પાણી આપવાની યોજના તૈયાર કરવામાં આવી છે. જેના લીધે સેકટરોમાં મોટા ડાયામીટર વાળી લાઈન નાંખવામાં આવી રહી છે. પાણીની સાથે ગટર લાઈન પણ નવી નાંખવા ખોદકામ ચાલી રહ્યુ છે. પાણીની લાઈન નાંખતી વેળાએ સેકટરોમાં યુટીલીટીઝ લાઈન ડિસ્ટર્બ થતી હોવાની ફરિયાદો અનેકવાર ઉઠે છે. જેના લીધે સેકટરવાસીઓને પણ પરેશાની વેઠવી પડે છે. ગત ઉનાળામાં આકરી ગરમીમાં વિજળીના કેબલો કટ થતા સ્થાનિકો વિજળી વિના પરસેવે નિતરતા હોવાથી આક્રોશ પ્રવર્તાયો હતો જયારે પાણીની લાઈન નાંખવાના ખોદકામ દરમિયાન અનેકવાર હયાત પાણીની લાઈનમાં પણ ભંગાણ થવાના કીસ્સા બને છે. જેના લીધે હાલનો રૂટીન સપ્લાય પણ બંધ થઈ જાય છે. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓ રજુઆત કરીને થાકી જાય તો પણ ઝડપથી સમસ્યાનો ઉકેલ આવતો નથી સેકટરોમાં પાણીની નવી લાઈન નાંખવાનુ કામ પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી હાથ ધરવામાં આવ્યુ છે.

જયારે ખોદકામ દરમિયાન અન્ય વિભાગ સાથે સંકલન પણ રાખવામાં આવતુ ન હોવાથી સમસ્યા ઉદભવે ત્યારે ઝડપથી નિરાકરણ લાવવાનુ કે હયાત લાઈન ડિસ્ટર્બ ન થાય તે મુજબ કામ કરવાના મામલે યોગ્ય આયોજન થઈ શકતુ નથી. શહેરના સેકટરોમાં હાલ વિવિધ જગ્યાએ લાઈન નાંખવા માટે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. સે- ૨૪ ના આદર્શ નગરમાં લાઈન નાંખવાની કામગીરી દરમિયાન પાણીની લાઈનમાં ભંગાણ થયુ છે જેના લીધે આ સોસાયટીના ઘણાં મકાનોમાં છેલ્લા બે દિવસથી પાણી આવતુ નથી. જયારે કેટલાક ઠેકાણે

● અનુસંધાન પાન-૭ પર

# ધો. ૧૦માં સ્ટાન્ડર્ડ અને બેઝીક ગણિત અલગ કરવાનો નિર્ણય મુલ્તવી રખાયો

ગાંધીનગર, તા. ૪

ધો. ૧૦માં સ્ટાન્ડર્ડ અને બેઝીક ગણિત અલગ કરવાની વાત હાલ મુલ્તવી રાખવાનો નિર્ણય લઈ માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય સભાએ સૌને ચોંકાવ્યા છે.

ભૂપેન્દ્રભાઈ પટેલની પૂર્વ સરકારમાં ગણિતના બે વિષય અલગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ આજે સામાન્ય સભા મળેલી બેઠકમાં અલગ કરવાની વાત મુલ્તવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે મળેલ સામાન્ય સભામાં બેઠકે કોર્પોરેશન અને મોટા શહેરોમાં શાળાનું મેદાન મળવુ મુશ્કેલ હોય આથી નજીકની શાળા મેદાન આપે તો મેદાન વગર શાળા મંજૂર કરવાનો પ્રસ્તાવ પણ ફગાવી દીધો હતો.

શિક્ષકો માટેના ડ્રેસ કોડને લઈ બોર્ડે કિનારો કરી લીધો છે. આ અંગે નરોવા કુંજરોવાનું વલણ અપનાવવાનો માર્ગ પસંદ કર્યો છે.

**નજીકની શાળા મેદાન આપે તો મેદાન વગર શાળા મંજૂર કરવાનો પ્રસ્તાવ પણ ફગાવી દીધો હતો : આજની સામાન્ય સભાએ કોમ્પ્યુટર વિષયની ફી માં વધારો કરવાની મંજૂરી આપી**

આજની આ બેઠકમાં શાળા મંજૂરી માટે ભાડા કરાર સબ રજીસ્ટ્રારને બદલે નોટરીનું માન્ય રાખવાની ભલામણનો પણ અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

સામાન્ય સભાએ ૨૦૨૩-૨૪ના બજેટને બહાલી આપી છે. આ ઉપરાંત વિદ્યાર્થીની આચારસંહિતા લાગુ કરવાના પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ધો. ૧૦ અને ધો. ૧૨ની માર્કશીટ મોબાઈલના ડી.જી. લોકરમાં મૂકવા અંગે કામગીરી હાલ ચાલુ હોવાથી પ્રસ્તાવ પર ચર્ચાઓ કરી હતી.

આજની સામાન્ય સભાએ કોમ્પ્યુટર વિષયની ફી માં વધારો કરવાની મંજૂરી આપી હોવાનું જાણવા મળેલ છે. આ ફી રૂ. ૧૫૦ સુધી લઈ શકાશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં બોર્ડની સામાન્ય સભાએ આજે કરેલા નિર્ણયોએ ભારે ચર્ચા જગાવી છે.

# પોલીસભવન અને સચિવાલય રોડ પર મેટ્રોનુ કામ શરૂ કરાયુ

## આગામી જાન્યુઆરી સુધી શહેરમાં મેટ્રો દોડાવવાનુ આયોજન હોઈ કામગીરી પૂરઝડપે ચાલી રહી છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં મેટ્રો દોડતી હશે તે સ્વપ્ન ટૂંક સમયમાં પૂર્ણ થશે તેવુ લાગી રહ્યુ છે. ચ-૦ થી ચ-૨ વચ્ચેનું કામ પૂર્ણ થઈ ચૂક્યુ છે. હાલમાં ચ-૨ થી ચ-૩ સુધીની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. હવે ટૂંક સમયમાં પોલીસભવન અને સચિવાલય સુધી મેટ્રોની કામગીરી શરૂ કરાશે. પ્રારંભિક કામગીરીના ભાગરૂપે હાલમાં અહીં રોડને પહોળો કરવાનુ કામ ચાલી રહ્યુ છે.

મોટેરા સુધી શરૂ ગયેલી મેટ્રો ટ્રેનને હવે અક્ષરધામ અને મહાત્મા મંદિર સુધી લંબાવવામાં આવી રહી છે. મોટેરાથી ગીફ્ટસીટી અને ચ-૦ સુધીના રૂટની કામગીરી લગભગ પૂર્ણ થઈ ચૂકી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ચ-૦ થી ચ-૨ વચ્ચેની કામગીરી ચાલી રહી હતી. જેના કારણે ચ-રોડ પર ટ્રાફિકને ડાયવર્ઝન અપાયુ છે. મેટ્રો ટ્રેનની કામગીરી કરનાર કંપનીના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર આગામી વર્ષ જાન્યુઆરી માસમાં ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમિટ યોજવાનુ આયોજન છે. સમિટ પહેલાં ગાંધીનગરમાં મેટ્રો દોડતી થાય તેવુ આયોજન હોવાથી હાલમાં કંપની દ્વારા પૂરઝડપે આગળની કામગીરી કરવામાં આવી રહી છે. હાલમાં સેક્ટર-૭/૮ના બસસ્ટેન્ડથી ચ-૩ સુધીના રૂટ પર પીલરો ખોદવાનુ કામ ચાલી રહ્યુ છે. હવે આ ટ્રેનને આગળ વધારીને સચિવાલય સુધી લઈ જવામાં આવશે તે માટે હાલમાં સેન્ટ ઝેવિયર્સથી પોલીસભવન સુધી જવાના માર્ગે રોડને પહોળો કરવામાં આવી રહ્યો છે. મેટ્રો ટ્રેનના રૂટ માટે પહોળા માર્ગની જરૂરીયાત હોવાથી આ માર્ગની આસપાસની ફૂટપાથને દૂર કરી માર્ગને પહોળો બનાવવામાં આવી રહ્યો છે. છેક સચિવાલય સુધીના ફૂટપાથને દૂર કરી કરાયો છે. રાત-દિવસ અહીં રોડને પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે. જે પ્રમાણે કામગીરીને ઝડપી બનાવાઈ છે તે જોતા ટૂંક સમયમાં ગાંધીનગરમાં મેટ્રો દોડતી થઈ જશે.

**હાલમાં સેક્ટર-૭/૮ના બસસ્ટેન્ડથી ચ-૩ સુધીના રૂટ પર પીલરો ખોદવાનુ કામ ચાલી રહ્યુ છે. હવે આ ટ્રેનને આગળ વધારીને સચિવાલય સુધી લઈ જવામાં આવશે**

# સાદરામાં કલેક્ટરે રાત્રિ સભામાં હાજરી આપી : પંચાયત ઘર અને આંગણવાડીના મકાન સહિતના પ્રશ્નો રજુ થયા



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકાના સાદરા ગામે ગઈકાલે રાત્રે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે રાત્રિસભા યોજાઈ હતી. રાત્રિસભાના બીજા રાઉન્ડનો વહીવટીતંત્ર દ્વારા આરંભ કરાયો છે. આ અગાઉ ૮ રાત્રિસભાઓ યોજાઈ હતી જે નોંધનીય છે.

સાદરામાં મહેસુલી રેકર્ડની દફતર ચકાસણી પછી યોજાયેલ ગ્રામસભામાં ગ્રામજનોએ રેતીની પસાર થતી ટ્રકોને લઈ ફરિયાદ કરતાં જણાવ્યુ હતુ કે આ ટ્રકોની ગતિ વધારે હોય છે અને ગામની વચ્ચેથી પસાર થતી ટ્રકો ગંભીર જીવલેણ અકસ્માત નોંતરી શકે છે. ગ્રામજનોના બાળકો રમતા હોય છે. બીજુ રાત્રિના સમયે પણ આ ટ્રકો પુરપાટ દોડતી હોય છે તેનું નિયમન થાય તે જરૂરી છે.

ગ્રામજનોએ આ રાત્રિ સભામાં ગામમાં આંગણવાડીના નવા મકાનના નિર્માણની રજુઆત ક્યાં અટવાઈ ગઈ છે તેવો મુદ્દો પણ ઉપસ્થિત કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# માનવકલ્યાણ યોજનાના આજે ડ્રો દ્વારા ૪૯૩ લાભાર્થી નિયત કરાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અંગે આજે ડ્રો યોજવામાં આવ્યો હતો. જિલ્લામાં આ યોજના અંતર્ગત ૪૨૯૬ અરજીઓ તંત્રને મળી હતી. જેમાંથી ડ્રો ને અંતે ૪૯૩ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અંતર્ગત સ્વરોજગારી માટે ૨૭ પ્રકારની વિવિધ કીટો હવે લાભાર્થીઓને આપવામાં આવશે.

જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩ માટે ૪૨૯૬ અરજીઓ મળી હતી. આજે ડ્રો ને અંતે ૪૯૩ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે.

જિલ્લામાં આ યોજનાનો લાભ લેવા માટે કલોલ તાલુકામાંથી ૧૧૭૩, માણસામાંથી ૧૦૬૮, ગાંધીનગરમાંથી ૧૨૦૦ અને દહેગામમાંથી ૮૫૬ અરજીઓ મળી હતી. આજે કરાયેલ ડ્રો માં કલોલમાંથી ૧૩૮, માણસામાંથી ૧૦૬, ગાંધીનગરમાંથી ૧૪૨ અને દહેગામમાંથી ૧૦૭ લાભાર્થીઓની પસંદગી થઈ છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ યોજના ગરીબી રેખાની નીચે જીવતી વ્યક્તીઓ/કારીગરોની આર્થિક સ્થિતિ સુધારવા, ફેરિયા, શાકભાજી વેચનાર, સુથારીકામ જેવા ૨૭ ટ્રેડમાંથી પસંદગી કરવામાં આવે છે. જેમાં કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે એક લાખ વીસ હજાર અને શહેરી વિસ્તાર માટે એક લાખ પચાસ હજાર નિયત કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત વ્યવસાય માટે ટ્રેડવાઈઝ અલગ કિંમતના સાધન-ઓજારના સ્વરૂપમાં સહાય આપવામાં આવે છે.

# નગરજનોની સુખાકારીમાં વધારો કરતો મનપા દ્વારા વધુ એક નિર્ણય

ગાંધી.તા.૦૩

હરહંમેશ ગાંધીનગર મહાનગર પાલિકાએ નગરજનોની સુખાકારી વધે તે માટે જરૂરી નિર્ણયો લિધા છે અને આજે વધુ એક નિર્ણય લેતા ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ૧૧ વોર્ડમાં ભવિષ્યને અનુલક્ષીને કોર્પોરેશન દ્વારા અનેક આયોજન અને જાહેર સુવિધાઓ ઉભી કરવામાં આવશે. જે અતંર્ગત ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ ઉપરાંત પરિવહન, જાહેર આરોગ્ય, હોસ્પિટલ, જીમખાના, બગીચા, લાઈબ્રેરી જેવી સુવિધાઓ, સેવાસેતુ, રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની લોક ઉપયોગી વિવિધ યોજનાઓનો અસરકારક અમલ થઈ શકે, વહીવટમાં પારદર્શીતા વધે તેમજ નાગરીકોની સુખાકારીમાં વધારો થાય તે માટે મદનીશ કમિશનર મારફતે સુપરવિઝન, વોર્ડ સંકલન અને ફરીયાદ સમિતીની રચના કરવામાં આવી છે. આ સમિતિના અધ્યક્ષ તરીકે આસી. મ્યુનિસિપલ કમિશનર અને સભ્ય તરીકે વોર્ડના તમામ કોર્પોરેટર, ટેક્ષ ઓફિસર, આસી. ઈજનેર, એસ્ટેટ ઈન્સ્પેકટર, ગાર્ડન સુપરવાઈઝર અને સભ્ય સચિવ તરીકે સેનિટેશન સુપ્રિટેડેંટ છે. આ સમિતિની બેઠક દર શુક્રવારે મળશે અને પેંડિગ કાર્યોનો ત્વરીત નિકાલ લાવશે. કોર્પોરેશનના વિવિધ ખાતાઓમાં અલગ-અલગ કક્ષાએ કામ કરતા કર્મચારીઓ અને અધિકારીઓ અને તેમાં પણ ખાસ કરીને ક્ષેત્રિય ફરજ બજાવતાં કર્મચારીઓ પાસેથી સુપરવિઝનને અભાવે લોક સુવિધાના કામોમાં વિલંબ ધ્યાને આવતા વહીવટનું વિકેન્દ્રીકરણ કરી વધુ કાર્યદક્ષ અને કરકસરયુક્ત બનાવવા, સુપરવિઝનની કામગીરી તથા નાગરિક સેવાઓનું સ્તર ઊંચું લાવવા અને પ્રજાની ફરિયાદોના ઝડપી નિકાલ કરવામાં આવશે. આ આયોજન અને નિર્ણયમાં અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર, અર્બન સેનીટેશન, અર્બન હેલ્થ, અર્બન એન્વાયરમેન્ટ, ઈસ ઓફ લિવિંગ અને લોક ફરીયાદોનું નિવાકરણ જેવા મુદ્દાઓ ધ્યાને લીધા છે. લોક સંપર્ક કરી તેઓની ફરિયાદો, રજુઆતો તથા સૂચનો મેળવવામાં આવશે. વોર્ડ લેવલે પબ્લીકના પ્રશ્નો બાબતે દર મંગળવારે અને ગુરુવારે બપોરે ૪:૦૦ થી ૫:૦૦ કલાકનો સમય મુલાકાતીઓ માટે ફળવાશે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેશભાઈ મકવાણાએ આ તમામ આયોજન અને નિર્ણયને પરિણામલક્ષી બનાવવા, નગરજનોનો સાથ અને સહકારની અભ્યર્થના વ્યકત કરતા જણાવ્યું હતું કે શહેરીજનોની સુખાકારી માટે તથા તેઓની ફરિયાદોનો ઝડપથી નિકાલ થાય તે માટે વિવિધ વિભાગોની કામગીરી અસરકારક રીતે સમયમર્યાદામાં થાય તે માટે આયોજન, સંકલન તથા સુપરવિઝનની કામગીરી નિયમીત માટે ગાંધીનગર મહાનગરપાલિકા સતત કાર્યરત છે.

# સપ્તાહ બાદ તાપમાનમાં ગરમીનુ પ્રમાણ વધશે

## ફેબ્રુઆરીના અંતમાં વાતાવરણમાં પલ્ટો આવશે : ઉનાળામાં અત્યંત આકરી ગરમી પડશે માર્ચમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહોંચી જશે : અંબાલાલ પટેલ

ગાંધીનગર તા ૪

નવા વર્ષના પ્રારંભથી આકરી બનેલી શિયાળાની મોસમ હવે વિદાય લેવા તરફ છે. જયારે કડકડતી ઠંડીના અંતે હવે ધીમે ધીમે વાતાવરણમાં ગરમીનુ પ્રમાણ વધશે. આગામી તા ૧૩ ફેબ્રુઆરીથી ગરમીનુ જોર વધશે. જયારે તા ૧૯ ફેબ્રુઆરીથી દિવસે ઉનાળા જેવી ગરમીનો અહેસાસ થશે. ફેબ્રુઆરીના અંતમાં માવઠાની સંભાવના વચ્ચે વાદળિયુ વાતવરણ જોવા મળશે. જયારે માર્ચ મહીનામાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહોંચી જશે. ઉનાળામાં અત્યંત આકરી ગરમી પડશે.

હાલમાં સવારના ભાગમાં ઠંડી પડે છે. પરંતુ હવે ધીરે ધીરે તાપમાનમાં વધારો જોવા મળશે. આગામી તા ૧૩ ફેબ્રુઆરીથી તાપમાનમાં વધારો થશે. જયારે તા ૧૯ ફેબ્રુઆરીથી ગરમીનુ પ્રમાણ નોંધપાત્ર વધશે જયારે તા ૨૨ ફેબ્રુઆરના અંત સુધીમાં પશ્ચિમી વિક્ષેપના લીધે રાજયના કોઈ કોઈ ભાગમાં વાદળવાયુ તેમજ માવઠુ થવાની સંભાવના છે. આ વખતે માર્ચ મહીનામાં હવામાનમાં ઘણાં પલ્ટા આવશે. જયારે તા ૪ માર્ચથી ગરમી નુ જોર વધુ ઉગ્ર બનશે જયારે તા ૧૮ થી ૨૦ માર્ચ દરમિયાન હવામાનમાં પલ્ટો આવશે માર્ચમાં મહત્તમ ઉષ્ણતામાન ૪૦ ડીગ્રી સુધી જવાની સંભાવના છે. આ ઉપરાંત આ દરમિયાન વાતાવરણ પલ્ટાની પણ વિશેષ અસર રહેશે દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશો પંજાબ , હરિયાણા , રાજસ્થાન, દિલ્લી મધ્યપ્રદેશ , એમ પી , ઉત્તરપ્રદેશ ગુજરાતના ભાગોમાં પણ હવામાન પલ્ટાની અસર જોવા મળે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં પણ તેની અસર વર્તાશે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White THE WHITEST WHITE CEMENT | VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com